ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં આકરી ગરમીના કહેર વચ્ચે ઉનાળુ રાત્રિની રોનક નિખરી

## સ્વર્ણિમ પાર્કમાં ગિટાર અને તબલા સાથે રાત્રિની ઠંડકમાં સંગીતની રંગત



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા ૨૧

શહેરમાં આકરા ઉનાળાની સાથે વેકેશનની મૌસમ નિખરી છે. ત્યારે નગરના ઉધાનો અને સર્કલો પર રાત્રિના ઉનાળુ રાત્રિની રોનક જામી છે. સ્વર્ણિમપાર્કના નવનિર્મિત ઉધાનમાં ગિટાર,તબલા સાથે સંગીતની બેઠક પણ જામે છે.રાત્રિના સમયે નગરજનો ગરમીથી છૂટકારો મેળવવા સ્વર્ણિમ પાર્કમાં હળવાશની પળો માંણતા નજરે પડે છે.ઠંડકમાં પારિવારિક વાતાવરણમાં નાગરિકો પાર્કમાં ટહેલતા નજરે પડે છે.

શહેરમાં બદલાતા મૌસમના મિજાજ સાથે ગરમીનો પારો ઉંચે ચઢયો છે. ગરમીએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતા આમ નાગરિકો બેચેન બની ગયા છે. દિવસની આકરી ગરમી અસહ્ય બની છે. આવા સંજોગોમાં નાગરિકોએ ઘરની બહાર નિકળવુ મુશ્કેલ બન્યુ છે. દિવસનો તાપ અસહ્ય બનતો જાય છે. ગરમીથી જનજીવન પ્રભાવિત બન્યુ છે. દિવસ દરમિયાન નગરના માર્ગો પર સુનકાર જોવા મળી રહયો છે. ગરમીથી બચવા નગરજના ઘરની બહાર નીકળવાનુ પસંદ કરતા નથી. બીજીતરફ નગરમાં ઉનાળુ રાત્રિની રોનક નિખરી છે. શહેરના ઉધાનો તેમજ સર્કલો અને ખાસ કરીને સ્વર્ણિ પાર્કમાં ભારેભીડ ભાડ જોવા મળે છે. રાત્રિના સમયે પાર્કમાં ગિટાર,તબલા સાથે સંગીતની પણ રંગત જામે છે. સાંજ ઢળતા જ બગીચાઓમાં નાગરિકોની ભીડ જામે છે. રાત્રિની ઠંડકમાં નગરના આઈસ્ક્રિમ પાર્લરો તેમજ બરફના ગાળાની ચુસ્કી લેવા પણ ભીડ જામે છે. સર્કલો ઉપર પણ મોડી રાત્રિ સુધી નાગરિકો ટહેલતા નજરે પડે છે. આમ દિવસના સુનકાર વચ્ચે ઉનાળુ રાત્રિની રોનકનો નઝારો જોવાલાયક હોય છે.

# સે-૧૧માં ટેલીકોમ કચેરી પાસે આજે કર્મચારીઓ દેખાવો કરશે

## હડતાળના બીજા દિવસે વિવિધ ૨૦ માંગણીઓ સંદર્ભે સુત્રોચ્ચાર કરશે

ગાંધીનગર, તા૨૧

બી એસ એન એલના કર્મચારીઓની બે દિવસીય હડતાલનો આજથી પ્રારંભ થયો છે. આજે સે-૧૧ સ્થિત ભારતીય દૂર સંચાર નિગમની કચેરીએ તાળાબંધી જોવા મળી હતી. મેનપાવર વધારવા, નવા ઉપકરણો ખરીદવા,સ્પેકટ્રમ ચાર્જ રીફંડ કરવા સહિતની માંગણીઓ સંદર્ભે આજે કર્મચારીઓ દ્વારા દેખાવો પણ કરવામાં આવશે.

બી એસ એન એલના કર્મચારીઓ દ્વારા આજે વિવિધ માંગણીઓ સંદર્ભે હડતાળ કરવામાં આવી છે. તા૨૧ અને તા-૨૨ એપ્રિલની બે દિવસીય હડતાલ દરમિયાન બુધવારે સવારે ૧૦ કલાકે કર્મચારીઓ દ્વારા દેખાવો અને સુત્રોચ્ચાર કરવામાં આવશે. ફોરમ ગુજરાત ટેલીકોમ સર્કલ દ્વારા નવા ઉપકરણોની ખરીદી, સ્ટાફની ભરતી,ગ્રામિણક્ષેત્રે બી એસ એન એલને થતા નુકશાનને અટકાવવા જરુરી ક્ષતિપૂર્તિ કરવા,૬૭૦૦ કરોડના સ્પેકટ્રમ ચાર્જને રીફંડ કરવા સહિતની ૨૦ જેટલી માંગણીઓને અનુલક્ષી કર્મચારીઓ દ્વારા હટતાળની રાહ અપનાવવામાં આવી છે. સે-૧૧ સ્થિત બી એસ એન એલની કચેરીના ૩૦૦ જેટલા કર્મચારીઓ દ્વારા આ અન્વયે તા ૨૨મી કચેરી સામે દેખાવો કરવામાં આવશે.

# ગાંધીનગર લગ્ન મંડપમાં ફેરવાયુ : અઢીસોથી વધુ લગ્નો યોજાયા

## અખાત્રીજના વણજોયા મુર્હુતે ગાંધીનગરમાં ખુબ લગ્નો યોજાયા : લગ્નના ગરબાથી શહેર ગુંજયું

ગાંધીનગર, તા. ૨૧

અક્ષય તૃતીયાના શુભ દિન નિમિત્તે સમગ્ર ગાંધીનગર જાણે લગ્ન મંડપમાં ફેરવાયુ હતું. સેકટરે સેકટરે લગ્ન મંડપો દેખાતા હતા. ખુબ ગરમી હોવા છતાં કેટલાક સ્થળોએ વરઘોડા પણ નીકળ્યા હતા. અખાત્રીજની પૂર્વ સંધ્યાએ યોજાયેલા ગરબાના કારણે જાણે નવવરાત્રી આવી હોય તેવો માહોલ સર્જાયો હતો.

અખાત્રીજના વણજોયા મુર્હુતમાં લગ્ન યોજવાનું આપણે ત્યાં ખુબ શુભ માનવામાં આવે છે. આજે અખાત્રીજ હોવાથી શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં અસંખ્ય લગ્નો યોજાયા હતા. શહેરની આસપાસ આવેલા ફાર્મહાઉસ, પાર્ટીપ્લોટ હોટલોમાં લગ્નોની ધૂમ જોવા મળી હતી તો શહેરમાં લગ્નવાડીઓ અને કોમન પ્લોટમાં જયાં જુઓ ત્યાં લગ્નમંડપ જોવા મળતા હતા. ઠેર ઠેર ભોજન સમારંભો યોજાયા હતા. અખાત્રીજની પૂર્વ સંધ્યાએ પણ લગ્નોનો પૂરેપૂરો માહોલ જામ્યો હતો. લગ્નના ગરબા છેક મોડી રાત સુધી ચાલ્યા હતા જયાં જુઓ ત્યાં ગરબા ચાલતા હોવાથી એક તબક્કે એવું લાગતું હતું કે જાણે નવરાત્રી આવી ગઈ હોય.

એક અંદાજ પ્રમાણે ગાંધીનગર અને તેની આસપાસના વિસ્તારોમાં અઢીસોથી વધુ લગ્નો યોજાયા હતા. લગ્ન કરાવનાર ગોર મહારાજ, કેટરર્સ, ડેકોરેટર્સ આજના દિવસે ખૂબ વ્યસ્ત રહ્યા હતા. બસોમાં તથા ખાનગી વાહનોમાં, લગ્નોમાં ભાગ લેવા આવનાર આમંત્રિતો-મહેમાનોની ભીડ જોવા મળી હતી. ખાનગી વાહનોની અવરજવર પણ ખુબ રહી હતી. આગામી દિવસોમાં લગ્નોના ખુબ ઓછા મુર્હુત હોવાથી આજે અખાત્રીજે ઘણાએ લગ્ન યોજવાનુ પસંદ કર્યુ હતું. આથી શહેર આખું જાણે લગ્નમંડપમાં ફેરવાઈ ગયું હતું.

# નર્મદા નિગમમાં ૭૦૦ની લાંચ લેતા ક્લાર્ક રંગેહાથ ઝડપાયા

## કચ્છના એડી. આસીસ્ટન્ટ એન્જીનીયર પાસેથી એલટીસીનું બિલ પાસ કરાવવા ક્લાર્કે રૂ. ૧ હજારની માંગણી કરી હતી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર નવા સચિવાલય બ્લોક નં. ૧૨માં સ્થિત સરદાર સરોવર નર્મદા નિગમ લી.નો ક્લાર્ક તેમના જ વિભાગના એક એડી. આસી. એન્જીનીયર પાસેથી લાંચ લેતા રંગેહાથ ગાંધીનગર એસીબીની ટ્રેપમાં ઝડપાઈ ગયો હતો. એલ.ટી.સી.ના બિલ પાસ કરાવવા માટે રૂ. ૧ હજારની માંગણી કરનાર ક્લાર્કને રૂ. ૭૦૦ લેતા ઝડપી પાડી તેની સામે ગાંધીનગર એસીબીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચરાડા ખૂન કેસમાં આરાપીને આજીવન કેદની સજા કરાઈ

## માણસાના બિલોદરા ગામની સીમમાં ચપ્પાના ઘા મારી હત્યા કરી દેવાઈ હતી

ગાંધીનગર, તા-૨૧

ગાંધીનગર જિલ્લાના ચરાડા ગામમાં રૂપિયાની લેવડ દેવડના મામલે એક વ્યકતિનુ ખૂન કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરાપીને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ત વિગત અનુસાર તા-૧૫ સપ્ટેમબર વર્ષ ૨૦૧૨ના રોજ ચરાડા ગામમાં રહેતા બ્રિજેશ રાજેશભાઈ બારોટને આરોપી મેહુલ ઉર્ફે કાળો જગદીશભાઈ અંબાલાલ નાયક રીક્ષામાં બેસાડી ગોઝારીયા નાસ્તો કરવા લઈ ગયો હતો. જયાં આરાપી મેહુલ ઉર્ફે કાળાએ તેની સાથે રૂપિયાની લેવડ દેવડ બાબતે ઝગડો કર્યો હતો. ત્યારબાદ આરોપી બ્રિજેશને રીક્ષામાં ગોઝારીયાથી ટીંટોદણ જવાના રસ્તે લઈ ગયો હતો. જયાં બિલોદરાની સીમમાં આરાપીએ ચપ્પાના ઘા મારી બ્રિજેશનુ મોત નિપજાવ્યુ હતુ. આ બનાવ સંદર્ભે માણસા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી કોર્ટમાં ચાર્જશીટ રજૂ કર્યુ હતુ. આ કેસ ગાંધીનગરની કોર્ટમાં ચાલી જતા

● અનુસંધાન પાન-૭ પર

# અખાત્રીજે સોનાની નબળી ખરીદી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં આજે ‘અખાત્રીજ’ના શુભ દિવસે નગરજનોએ સોનાની ખરીદી કરી હતી. જો કે આ વર્ષે શુકનના સોનાની ખરીદીમાં નગરજનોમાં ગત વર્ષ કરતા નબળો પ્રતિસાદ સાંપડ્યો હોવાનું નગરના સોનીઓ તેમજ જ્વેલર્સના વેપારીઓએ પ્રતિભાવ આપ્યો હતો.

**અખાત્રીજ હોવા છતાં નગરજનોનો સોનાની ખરીદીમાં નબળો પ્રતિસાદ સતત ઘટતા જતા ભાવો અને એક લાખથી ઉપરની ખરીદીમાં ફરજીયાત પાનકાર્ડ જવાબદાર હોવાની ધારણા : મોટી ખરીદીના બદલે ગ્રાહકોએ માત્ર ‘ટોકન’ ખરીદી કરી મુહૂર્ત સાચવ્યું**

‘અક્ષય તૃતીયા’એ હાથ ધરવામાં આવેલ કોઈ પણ કાર્યનો ‘ક્ષય’ થતો નથી તેવી માન્યતાના આધારે લોકો પોતાના નવીન કાર્યો જેવા કે વાહન ખરીદી, દુકાનનું ઉદ્‌ઘાટન, ગૃહ પ્રવેશ વગેરેનું આયોજન કરે છે. અક્ષય તૃતીયાએ લગ્ન માટે વણજોયું મુહૂર્ત ગણાય છે. આથી આ દિવસે લગ્નસરાની મૌસમ પણ પૂરબહારમાં ખીલી ઉઠે છે. ખેડૂતો આ દિવસે નવી ખેડનો પ્રારંભ કરવા હળોતરૂ કરે છે.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)



રંગમંચનું રિનોવેશન - ગાંધીનગરની પ્રવૃત્તિઓના કેન્દ્રસમા સેક્ટર-૧૬ રંગમંચનું આજકાલ રિનોવેશન ચાલી રહ્યું છે... નગરના રંગમંચોના સંદર્ભે ચર્ચાઓ અને સમાચારો વ્યાપક પ્રમાણમાં ચાલી છે અને ચાલે છે... પરંતુ કોઈ ચોક્કસ અને સ્પષ્ટ પગલાં લેવાયા નહોતા... ત્યારે સેક્ટર-૧૬ના રંગમંચના રિનોવેશનથી એક નવી આશાનો ઉદય થઈ રહ્યો છે... સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે એક જમાનામાં માત્ર ને માત્ર એક જ સ્થાન હતું તે સેક્ટર-૧૬નો આ જ રંગમંચ.... હવે નવા રૂપરંગ સાથે તૈયાર થનાર રંગમંચ શહેરની પ્રવૃત્તિઓને વધુ મોકળાશ આપશે એવી અપેક્ષા અસ્થાને ન ગણી શકાય...

(તસવીર : દિપક જાની)

# આકરી ગરમીમાં શહેરના બગીચાઓ ઉજ્જડ બનતા નાગરિકોમાં આક્રોશ

## તંત્ર દ્વારા માત્ર સ્વર્ણિમ પાર્ક તરફ જ ધ્યાન આપવામાં આવે છે. સેકટરોના ઉધાનોને પુરતુ પાણી મળતુ નથી

ગાંધીનગર, તા૨૦

શહેરમાં આકરા ઉનાળે સેકટરોના બગીચા ઉજ્જડ બનતા જતા હોવાનો આક્રોશ પ્રર્વત્યો છે. સે-૧૯ અને સે-૨૨માં પણ બગીચાઓની હાલત વેરાન બનતી જાય છે. એકબાજુ બગીચાઓને પાણી પુરુ પાડવા પાઈપલાઈનનુ કામ પણ અટવાયુ છે. ત્યારે ઉધાનોની જાળવણીના મામલે પ્રકૃતિપ્રેમીઓમાં નારાજગી પ્રર્વતી છે.



શહેરના હરિયાળા ઉધાનોને પાણી પુરુ પાડવા સરગાસણ ખાતે પાણી શુધ્ધિકરણ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે. જયારે હાલની સ્થિતિએ આ પ્લાન્ટના આધારે સ્વર્ણિમ પાર્કમાં પાણી આપવામાં આવી રહયું છે. બીજીતરફ આ વ્યવસ્થાના આધારે શહેરના અન્ય ઉધાનો પુનિતવન, બાલોધાન, સરિતાઉધાન સહિતના બગીચાઓમાં પાણી પુરુ પાડવા ટૂંકમાં પાઈપલાઈનનુ કામ હાથ ધરવામાં આવનાર છે.જો કે આ કામગીરીનુ ટેન્ડર અટવાતા કામ વિલંબમાં પડયુ છે.છેલ્લા એક વર્ષથી કામને અંજામ આપી શકાયો નથી. આવા સંજોગોમાં આકરી ગરમીના દિવસોમાં સેકટરોના ઉધાનો જાળવણીના અભાવે કંગાળ જોવા મળી રહયા છે. ઉધાનોને તાજા રાખવા પાણીની જરુરિયાત સંતોષવામાં આવતી નથી. સેકટરોના બગીચા પાણીના અભાવે ઉજ્જડ બનતા જાય છે. તેવો સુર ઉઠવા પામ્યો છે. ખાસ કરીને સે-૧૯ અને સે-૨૨ના બગીચાની હાલત પણ અત્યંત દયાજનક હોવાનો આક્રોશ ઉઠવા પામ્યો છે. આકારા ઉનાળે બગીચાઓમાં પાણીની જરુરિયાત સંતોષી યોગ્ય જાળવણી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.હાલની સ્થિતિએ માત્ર સ્વર્ણિમ પાર્ક તરફ જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવતુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

# પ્રજા કોંગ્રેસની નકારાત્મક રાજનીતિને કાયમી જાકારો આપશે : ફળદુ

ગાંધીનગર, તા.૨૧

નગરપાલિકાઓની પેટા ચૂંટણીઓમાં ભાજપને મળેલા ભવ્ય વિજય અંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુએ જણાવ્યું છે કે પ્રજાએ કોંગ્રેસની નકારાત્મક રાજનીતીને કાયમી જાકારો આપ્યો છે.

પેટા ચૂંટણીના પરિણામો અંગે પ્રતિક્રિયા આપતાં પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુએ જણાવ્યું હતું કે પ્રજા હિત સંકલ્પબધ્ધ ભાજપના શાસનના પરિણામે આ કાર્યકરોના પરિણામને લીધે આપણે વિજયની પરંપરા બુલંદ બનાવી છે. છેલ્લા ૧૩ વર્ષથી નરેન્દ્ર મોદીના મુખ્યમંત્રી તરીકેના શાસનકાળ અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાતના શાસનને પ્રજા સમર્થનનું પ્રતિબિંબ આજનો વિજય છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ત્રીજી વાર્ષિક પૂણ્યતિથિએ સ્મરણાંજલી



સદા હસતો ચહેરો
જેમની ઓળખ હતી,
એવા તમો
હસતાં-હસતાં ચાલ્યા ગયા,
નથી હયાત પણ છો
તેવું લાગ્યા કરે છે,
તમારા પૂણ્યના ફળ
અમને મળ્યા કરે છે,
અમને કરી ઉદાસ,
તમે કર્યો વૈકુંઠવાસ,
પરમાત્મા આપના દિવ્ય
આત્માને પરમ શાંતિ અર્પે
તે જ પ્રભુને પ્રાર્થના...

સ્વ. અશોકકુમાર એસ. ગજ્જર
સ્વ. તા. ૨૨/૪/૨૦૧૨

લી.
એસ. બી. સુથાર (પપ્પા)
નિલાબેન એસ. સુથાર (મમ્મી)
પ્રગ્ના એ. ગજ્જર (પત્ની)
સમ્રાટ એ. ગજ્જર (પુત્ર)
ક્રિષ્ના એ. ગજ્જર (પુત્રી)

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ



નિરવતાનો રવ...
bansari
week-end home
Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન – (02764) 261181/82 | 99249 31224 | 98258 03299

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com